આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને કૃષિ અને સહકાર વિભાગની સંસ્થાઓ / યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે.

---

સ્નાતક/અનુસ્નાતક/પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમો

વંચાણે લીધો : નિયામક મંડળની ૪૨મી બેઠક તા.૧૪-૦૭-૨૦૧૬ના રોજ આણંદ ખાતે મળેલ તેની કાર્યનોંધના મુદ્દા નં.૪૨.૯

# -: જાહેરનામું :-

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, નિયામક મંડળની ૪૨મી તા.૧૪-૦૭-૨૦૧૬ના રોજ આણંદ ખાતે મળેલ બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૪૨.૯ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૪૨મી બેઠકના મુદ્દા નં.૪૨.૧૮ થી થયેલ ભલામણ મુજબ કૃષિ અને સહકાર વિભાગના પરિપત્ર ક્રમાંક:ગકવ/૧૨૨૦૧૬/૧૦૮૮/ક.૨ તા.૨૬-૫-૨૦૧૬ની જોગવાઈ ધ્યાને લઈને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને કૃષિ અને સહકાર વિભાગની સંસ્થાઓ / યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે આણંદ કૃષિ યુનિવર્સિટીની સ્નાતક / અનુસ્નાતક / પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે આગામી શૈક્ષણિક વર્ષ:૨૦૧૬-૧૭થી અનામતના લાભ અંગેનો અમલ કરવા મંજૂરી આપે છે."

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુ.જી.-૨/ ૩૫૫૮ /૨૦૧૬

તા.૨૭/૦૭/૨૦૧૬

નકલ સવિનય રવાના પ્રતિ :

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

(૨) નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારું.

(૩) યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારું.

(૪) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટીઓ, નવસારી/જુનાગઢ/સરદારકૃષિનગર.

(૫) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

(૬) પરીક્ષા શાખાના તમામ ટેબલ તરફ જાણ સારું.

(૭) એકેડેમીક શાખા તરફ જાણ સારું. (૨૫ નકલ)